# 32 કરોડનું આંધણ, માર્ગમાં વિલંબ

**20** ગામના લોકો હેરાન, ટુકડે ટુકડે બની રહેલો વેલાછા, હથોડા, મોટી નરોલી માર્ગ માથાનો દુખાવો બની ગયો





ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ ગુજરાત સરકારે લોકોની સુખાકારી માટે વેલાછા, હથોડા, મોટી નરોલી, મોટા બોરસરા માર્ગના નવીનીકરણ માટે રૂ.32 કરોડ ચોમાસા પહેલા મંજૂર કર્યા હતા. પરંતુ ચોમાસાને એક જ મહિનો હોવાથી આ માર્ગ બનાવી શકાયો ન હતો અને ચોમાસાની વિદાય બાદ આ માર્ગ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ છેલ્લા છ મહિનાથી ટુકડે ટુકડે માર્ગ બનાવવામાં આવતાં વિસ્તારના હજારો વાહન ચાલકો માર્ગ પરથી જીવના જોખમે પસાર થઈ રહ્યાં છે. હજી પણ આગામી ચોમાસું શરૂ થાય એ પહેલાં જનતાને માર્ગ નસીબ થશે કે કેમ તેવી ચર્ચા જનતામાં ચર્ચાઈ રહી છે.

માંગરોળ અને ઉમરપાડાથી લઈને મોસાલી, કનવાડા, ગીજરમ, ઝંખવાવ, શાહ, ચરેઠા, આસરમા, લિંબાડા, વેલાછા, હથોડા, મોટી નરોલી, મોટા બોરસરા, પાનસરા અને કીમ વચ્ચે આવતાં 20થી 25 ગામની જનતા માટેનો અતિ ઉપયોગી આ માર્ગ સાવ કંડમ થઈ જતાં ગુજરાત સરકારે 32 કરોડની માતબર રકમ ફાળવી હતી. પરંતુ કોઈક કારણસર કોન્ટ્રાક્ટર દ્વારા છ મહિનાથી શરૂ કરવામાં આવેલી કામગીરી તદ્દન કાચબા ગતિએ રહેતા અને ટુકડે ટુકડે બનાવવામાં આવતા માર્ગની મજબૂતી કરણ બાબતે પણ શંકા ઊભી થઈ છે. આજે પણ આ માર્ગની હાલત વેલાછાથી લઈને મોટી નરોલી વચ્ચે મોટા ભાગે સાવ કંડમ જ રહેતા અને મોટા મોટા ખાડા રહેતા વાહનચાલકો આ માર્ગ પરથી મહામુસીબતે પસાર થઈ રહ્યા છે. આ માર્ગ બનાવવા માટે મોટા ઉપાડે શરૂઆત થયા બાદ કામ કરનારી એજન્સી દ્વારા કોઈક કારણસર તદ્દન ઢીલી નીતિ રીતે અપનાવવામાં આવતા છ મહિનાથી ચાલતી કામગીરી આજે પણ ૫૦ ટકા થઈ નથી. જેથી જવાબદાર અધિકારીઓએ આ બાબતે કામ કરનારી એજન્સી કયા કારણસર ઢીલી પડે છે. તેનો હિસાબ માંગવા જોઈએ, નહીં તો ત્રણ મહિના પછી ચોમાસું બેસી જશે ત્યારે જનતા માટે ફરી એની એ જ રામાયણ યથાવત રહેવા પામશે તેવી ચર્ચા વાહન ચાલકોમાં થઈ રહી છે. જો કામ કરનારી એજન્સીનો માર્ગ બનાવવા માટે પનો ટૂંકો પડતો હોય તો તેની પાસેથી માર્ગ બનાવવાની કામગીરી આંચકી લઈ અન્ય સક્ષમ એજન્સીને માર્ગ બનાવવાની કામગીરી સોંપવી જોઈએ.

જેથી ચોમાસા પહેલા માર્ગનું નવીનીકરણ પૂરું થાય અને જનતાની હાડમારી દૂર થાય. નહીં તો આગામી ચોમાસા ટાંકણે માર્ગની કામગીરી પૂર્ણ નહીં થશે તો વિસ્તારની જનતા માટે અનેક મુસીબતોનો પહાડ ઊભો થશે.

## ભડકોદરા ડમ્પિંગ સાઇટમાં ફરી આગ: દોઢ માસમાં ચોથી ઘટના



સુરેશ ગાંધી, પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ અંકલેશ્વરની ભડકોદરા ગ્રામ પંચાયત દ્વારા સોલિડ વેસ્ટ નિકાલ માટે બનાવવામાં આવેલી ડમ્પિંગ સાઇટમાં અચાનક આગ લાગી હતી. આગના કારણે ભારે પ્રમાણમાં ધુમાડો ફેલાતાં આસપાસના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણનો ખતરો ઊભો થયો હતો. આગ બાદ લાંબા સમય સુધી આકાશમાં ધુમાડો છવાયેલો રહ્યો હતો. દોઢ માસમાં આગની આ ચોથી ઘટના છે.

# નેત્રંગમાં ગેસનાં જોડાણો ઠર્યાં, પણ સોમાભાઈની 'પંખા સગડી' અડીખમ !

**પંખા** સગડીના સહારે ગરમાગરમ નાસ્તો પીરસી અન્ય વેપારીઓને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું



પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ નગરમાં વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિનો પ્રભાવ સ્થાનિક જીવન પર પણ જોવા મળી રહ્યો છે. ઈઝરાયલ-અમેરિકા-ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ અને યુદ્ધ જેવી સ્થિતિને કારણે ઘરેલુ તેમજ કોમર્શિયલ ગેસની અછત ઊભી થઈ છે. જેના પરિણામે ગેસ પર આધારિત રેસ્ટોરન્ટ, લારી-ગલ્લા અને નાનાં ખાણીપીણીના વ્યવસાયકારો મુશ્કેલીમાં મુકાયા છે. ઘણી જગ્યાએ તો વેપારીઓને પોતાનો ધંધો તાત્કાલિક બંધ કરવાની ફરજ પડી રહી છે.

આ પરિસ્થિતિમાં નેત્રંગના ગાંધીબજાર વિસ્તારમાં તુલસી ફળિયામાં વસવાટ કરતા સોમાભાઈ રડતીયાભાઈ વસાવા અનોખું ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. વર્ષોથી તેઓ પરંપરાગત પદ્ધતિનો ઉપયોગ કરીને પંખા સગડી વડે ચા અને ગરમા ગરમ નાસ્તો બનાવે છે. દર મંગળવારે ભરાતા હાટ બજારમાં તેઓ પોતાના સ્ટોલ પર ગ્રાહકોને સેવાઓ આપે છે.

ગેસની અછત વચ્ચે પણ સોમાભાઈનો વ્યવસાય અડીખમ રહ્યો છે. પંખા સગડીના ઉપયોગથી તેઓ અન્ય વેપારીઓ કરતાં ઓછી મુશ્કેલી અનુભવી રહ્યા છે. તેમના આ પ્રયાસો માત્ર તેમના પરિવાર માટે રોજીરોટી પૂરાં પાડે છે, પરંતુ પરંપરાગત સાધનોની મહત્ત્વતા પણ દર્શાવે છે.

સ્થાનિક લોકોમાં પણ સોમાભાઈના નાસ્તા માટે ખાસ માંગ છે. આ રીતે તેઓ મુશ્કેલ સમયમાં પણ હિંમત અને મહેનતથી જીવન નિર્વાહ કરી રહ્યા છે, જે અન્ય વેપારીઓ માટે પ્રેરણારૂપ બની રહ્યું છે.

### હોટલો બંધ થતાં વાહનો પાર્ક થવા લાગ્યાં

નેત્રંગમાં આજે ગેસની અછતના મુદ્દે રેસ્ટોરન્ટ માલિકોના હાલ બેહાલ થઈ ગયા છે. નગરના મુખ્ય વિસ્તારોમાં હોટલો અને રેસ્ટોરન્ટ્સના શટર બંધ જોવા મળ્યા, જેના કારણે ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. ગેસ સપ્લાયમાં અડચણ આવતાં વ્યવસાય ચલાવવામાં મુશ્કેલી સર્જાતાં વેપારીઓએ આ પગલું ભર્યું છે. જ્યાં હોટલો બંધ છે ત્યાં વાહનો પાર્ક થયેલા જોવા મળી રહ્યા છે. સ્થાનિક પ્રશાસન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પુરવઠો વહેલો સુધરે તે માટે પ્રયાસ કરી રહ્યું છે.

# ઝઘડિયા તાલુકાના રાશન સંચાલકોની વ્યથા, અમારે સડેલા ઘઉં-ચોખા વેચવાના!

**ઝઘડિયા** ફેર પ્રાઇસ શોપ એસોસિએશન દ્વારા મામલતદારને આવેદન પાઠવાયું

ભરૂચ, ઝઘડિયાઃ ઝઘડિયા તાલુકા ફેર પ્રાઈસ શોપ એસોસિએશન દ્વારા તાલુકા મામલતદાર કચેરીમાં આવેદન આપી શાખા દુકાનદારોની વિવિધ માંગણીઓ અને સમસ્યાઓ અંગે કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.

એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રસિંહ પરમારની આગેવાની હેઠળ દુકાનદારો દ્વારા રજૂ કરાયેલા આવેદનમાં મુખ્યત્વે અનાજના જથ્થાની ગુણવત્તા, વજનમાં ઘટાડો, કમિશનની ચૂકવણીમાં વિલંબ સહિતના મુદ્દાઓની રજૂઆત કરવામાં આવી હતી. આવેદનમાં દુકાનદારોએ જણાવ્યું હતું કે, ગત મહિને ભરેલા ચણાના પૈસાનો જથ્થો ચાલુ મહિનો પૂરો થવા છતાં હજુ સુધી આપવામાં આવ્યો નથી. તેમજ દર મહિને 1થી 10 તારીખ દરમિયાન પૈસા ભરવાની નિશ્ચિત તારીખ નક્કી કરવામાં આવે તો દુકાનદારો સરળતાથી બેલેન્સ જોઈને જથ્થાના પૈસા ભરી શકે. ઉપરાંત દુકાનદારોને મળતું કમિશન દર મહિને 1થી 5 તારીખ સુધીમાં ચૂકવવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી હતી.

સરકાર દ્વારા ગ્રાહકોને પાંચ લિટર કેરોસીન આપવાની જાહેરાતના ભાગરૂપે આ કેરોસીન પાંચ લિટરના પેકિંગમાં જ ઉપલબ્ધ કરાવવું જોઈએ, તેવી પણ માંગણી કરવામાં આવી. આ ઉપરાંત તાલુકાની કેટલીક દુકાનોમાં ઘઉં અને ચોખાનો જથ્થો બગડેલો મળી આવ્યો હોવાનું પણ આવેદનમાં જણાવાયું હતું.

દુકાનદારોએ વધુમાં જણાવ્યું કે, કેટલીક જગ્યાએ દાળનો ટેમ્પો રાત્રે આઠ વાગ્યા બાદ પહોંચે છે, જેના કારણે જથ્થો સમયસર વિતરણ માટે ઉપલબ્ધ નથી થતો. આ માટે સમયસર જથ્થો પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવી હતી. એસોસિએશન દ્વારા આ આવેદન તાલુકા મામલતદારને સોંપી, તેમના માધ્યમથી રાજ્ય સરકાર સુધી આ સમસ્યાઓ પહોંચાડવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# અસ્તાન ઓવરબ્રિજના લોકાર્પણમાં વિલંબ થતાં જનતાનો પારો ગરમ

**નગરપાલિકા** દ્વારા એક્સ (X) પર બ્રિજનો આકર્ષક વિડીયો પોસ્ટ કરાયો, તારીખનો ઉલ્લેખ નહીં



બારડોલીઃ બારડોલીમાં અસ્તાન રેલવે ફાટક પર કરોડોના ખર્ચે નિર્મિત રેલવે ઓવરબ્રિજ છેલ્લાં ચાર વર્ષથી તૈયાર હોવા છતાં તેનું ઉદઘાટન ન થતાં સ્થાનિક રહીશોમાં પ્રચંડ રોષ જોવા મળી રહ્યો છે. મંગળવારે સાંજે બારડોલી નગરપાલિકા દ્વારા એક્સ (X) પર બ્રિજનો એક આકર્ષક વિડીયો પોસ્ટ કરવામાં આવ્યો છે. આ પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે બારડોલીની સુવિધામાં વધુ એક સોપાન ઉમેરાશે અને અસ્તાન ઓવરબ્રિજ 'ટૂંક સમયમાં' જાહેર જનતા માટે ખુલ્લો મુકાશે. જો કે, આ પોસ્ટ જોયા બાદ લોકોમાં ખુશીને બદલે આક્રોશ ફાટી નીકળ્યો છે, કારણ કે, આમાં કોઈ ચોક્કસ તારીખનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

સોશિયલ મીડિયા પર નાગરિકો તીખા પ્રહારો કરી રહ્યા છે. ચાર વર્ષના લાંબા ઈંતજાર બાદ હવે જનતાની ધીરજ ખૂટી રહી છે. લોકોમાં એવી ચર્ચા પણ જોર પકડી રહી છે કે જો વહીવટી તંત્ર કે નેતાઓ વહેલી તકે નિર્ણય નહીં લે, તો પ્રજા પોતે જ આ ઓવરબ્રિજ ખુલ્લો મૂકી દેશે.

હાલમાં જ્યારે પેટ્રોલ અને ડીઝલની અછત જેવી સ્થિતિ વર્તાઈ રહી છે, ત્યારે આ ઓવરબ્રિજનું મહત્ત્વ અનેકગણું વધી જાય છે. જો આ બ્રિજ કાર્યરત થાય તો કડોદ અને માંડવી તરફ જતા વાહનચાલકોને મોટો ચકરાવો લેવો નહીં પડે. આનાથી માત્ર સમયની જ નહીં, પણ કીમતી ઈંધણની પણ મોટી બચત થઈ શકે તેમ છે. એક તરફ સરકાર ઈંધણ બચાવવાની વાતો કરે છે અને બીજી તરફ તૈયાર બ્રિજને લોકાર્પણ વિના બંધ રાખીને પ્રજાનાં ખિસ્સાં પર ભાર વધારી રહી છે. હવે જોવાનું એ રહે છે કે GUDCના અધિકારીઓ અને નેતાઓ આ જનરોષને સમજીને ક્યારે ઉદઘાટનની તારીખ જાહેર કરે છે.

અસ્તાન ઓવરબ્રિજના મુદ્દે સત્તાધારી પક્ષ સામે રોષ છે જ, પરંતુ પ્રજાના પ્રશ્નોને વાચા આપવામાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ નિષ્ફળ રહી હોય તેમ જણાય છે.

# રાજપીપળામાં વીજ જોડાણ કાપવા ગયેલી DGVCLની ટીમને ઘેરી લેવાઈ

**એપાર્ટમેન્ટનો** મેઇન ગેટ બંધ કરી દઈ કર્મચારીઓને બહાર નીકળતા અટકાવ્યા, ભાડુઆત સામે ફરિયાદ

રાજપીપળાઃ રાજપીપળા શહેરના કસ્બાવાડમાં સરકારી ફરજ બજાવતા DGVCLના કર્મચારીઓ સાથે ઝપાઝપી અને ધમકી આપતાં મામલો પોલીસમથકે પહોંચ્યો હતો.

રાજપીપળા DGVCL કચેરી-1માં જુનિયર આસિસ્ટન્ટ ક્લાર્ક તરીકે ફરજ બજાવતા હિમાંશુભાઈ પંડ્યા અને તેમની ટીમ સોમવારે બાકી લેણાંની વસૂલાત માટે નીકળી હતી. કસ્બાવાડ વડ ફળિયા ખાતે રહેતા મણિયાર ગુલામકાદીર અયુબભાઈના મકાનનું રૂ.13,709 જેટલું બિલ બાકી હોવાથી ટીમ ત્યાં પહોંચી હતી. સવારે સમજાવ્યા બાદ પણ રકમ ન ભરાતાં બપોરે સાડા ત્રણ વાગ્યાના સુમારે જ્યારે ટીમ વીજ જોડાણ કાપવાની કામગીરી કરી રહી હતી, ત્યારે ત્યાં રહેતા ભાડુઆત નિઝામુદ્દીન ગુલામુદ્દીન સૈયદ ઉશ્કેરાઈ ગયો હતો. આરોપીએ ટીમ સાથે ગેરવર્તન કરી ગાળો આપી હતી. એટલું જ નહીં તેણે કર્મચારીના હાથમાંથી સરકારી ઓર્ડરના કાગળો ઝૂંટવી લીધા હતા અને એપાર્ટમેન્ટનો મેઇન ગેટ બંધ કરી દઈ કર્મચારીઓને બહાર નીકળતા અટકાવ્યા હતા. અંતે 112 પોલીસ હેલ્પલાઇનની મદદ લેતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. રાજપીપળા પોલીસે આ મામલે હિમાંશુભાઈની ફરિયાદના આધારે નિઝામુદ્દીન સૈયદ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અંકલેશ્વર પંથકમાં અફવાના પગલે પેટ્રોલ પંપ પર ભીડ




ઈબ્રાહીમ કાનુ




પ્રવીણ તેરૈયા

**પૂરતો** જથ્થો છે, પોલીસની શાંતિ જાળવવા અપીલ

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં પેટ્રોલ અને ડીઝલની અછત સર્જાય હોવાની અફવાએ શહેરમાં ગભરાટનું વાતાવરણ ઊભું કર્યું હતું. આ અફવાના પગલે વાહનચાલકો મોટી સંખ્યામાં પેટ્રોલ પંપ પર ઊમટી પડ્યા હતા અને મોડી રાત સુધી લાંબી લાઈનો જોવા મળી હતી. જો કે, પેટ્રોલ પંપ સંચાલકો તેમજ પ્રશાસન દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, શહેરમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને સપ્લાય સંપૂર્ણપણે નિયમિત છે. રાજ્ય સરકાર પણ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે.

અંકલેશ્વર પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે અફવાઓથી દૂર રહે અને બિનજરૂરી રીતે પેટ્રોલ પંપ પર ભીડ ન કરે. આવી ભીડ ટ્રાફિક વ્યવસ્થા બગાડે છે અને સામાન્ય જનજીવન પર અસર કરે છે. પોલીસે વધુમાં જણાવ્યું છે કે સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓને ચકાસ્યા વિના વિશ્વાસ ન કરવો.

### કોસંબામાં બાટલાની રામાયણ માંડ પતી, હવે પેટ્રોલ માટે વાહનોની કતાર

હથોડાઃ કોસંબા-કીમ ચાર રસ્તા પંથકમાં ગેસના બાટલાની રામાયણ માંડ માંડ પતી ત્યાં તો પેટ્રોલના ધાંધિયા શરૂ થઈ ગયા. રાત્રિના સમયે કોસંબામાં પેટ્રોલ પંપ પર પેટ્રોલ પુરાવવા માટે વાહનોની કતાર જોવા મળી હતી. કોસંબામાં વાહન દીઠ માત્ર 200 રૂપિયાનું પેટ્રોલ મળતું થયું હતું. પરંતુ લોકોને લાઇન સિવાય છૂટકો ન હતો.

## બાજીપુરામાં ફિલ્મી ઢબે ચેઈન સ્નેચિંગનો પ્રયાસ

વાલોડઃ બાજીપુરામાં ચેઈન સ્નેચિંગની ઘટના પ્રકાશમાં આવી હતી. કલરકામનો વ્યવસાય કરતા પ્રકાશભાઈ બાબુભાઈ પાટીલ પોતાના મિત્ર પીયૂષ ચૌધરીને ત્યાં જમીને મોપેડ નં.(GJ-28-M-8800) પર ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે હાઈવેથી ૧૦૦ મીટર દૂર અંધારામાં છુપાયેલા એક અજાણ્યા ઈસમે તેમના ગળામાંથી સોનાની ચેઈન ઝૂંટવવાનો પ્રયાસ કર્યો હતો. પ્રકાશભાઈએ હિંમતપૂર્વક બંને હાથે ચેઈન પકડી રાખતાં ઝપાઝપી થઈ હતી, જેમાં તેઓ મોપેડ સાથે નીચે પટકાતાં પગમાં ઈજા થઈ હતી. યુવાને 'ચોર-ચોર'ની બૂમો પાડતાં અને પ્રતિકાર કરતા ૩૦થી ૩૫ વર્ષનો લુંટારુ ગભરાઈને ખેતરોમાં થઈ હાઈવે પર ઊભેલી કાળા રંગની સ્વિફ્ટ કારમાં બેસી ફરાર થઈ ગયો હતો. બૂમો સાંભળી આસપાસના રહીશો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત પ્રકાશભાઈને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. સદનસીબે ચેઈન તૂટી ગઈ હતી. વાલોડ પોલીસે ગુનો નોંધી કેટલાક શકમંદોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પાંચ વર્ષનાં પ્રેમલગ્ન પર છૂટાછેડાનું સંકટ: અભયમે સુખદ સમાધાન કરાવ્યું

**ભરૂચમાં** 181 અભયમ ટીમની પ્રશંસનીય કામગીરી

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં પતિ અને સાસુ દ્વારા આપવામાં આવતા માનસિક ત્રાસથી પરેશાન એક મહિલાને 181 અભયમ ટીમે રાહત આપી છે. પીડિતાએ હેલ્પલાઇનનો સંપર્ક કરીને પોતાની વેદના વ્યક્ત કરતાં ટીમે તાત્કાલિક હસ્તક્ષેપ કર્યો હતો. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના પતિ વારંવાર ઝઘડો કરીને છૂટાછેડાની ધમકી આપતા હતા, જ્યારે સાસુ તેમને ઉશ્કેરવાનું કામ કરતા હતા. આ સતતના માનસિક ત્રાસને કારણે તે ગંભીર માનસિક સ્થિતિમાંથી પસાર થઈ રહી હતી. અભયમ ટીમને માહિતી મળતાં જ પીડિતાના ઘરે પહોંચીને કાઉન્સેલિંગ શરૂ કર્યું. તપાસ દરમિયાન સામે આવ્યું કે પાંચ વર્ષ પહેલાં થયેલા પ્રેમલગ્ન બાદ સંતાન ન હોવા સાથે પારિવારિક મતભેદોને કારણે વારંવાર તકરાર થતી હતી. આટલા બધા ત્રાસના કારણે મહિલા આત્મહત્યા જેવા ગંભીર વિચારો સુધી પહોંચી ગઈ હતી. ટીમે પીડિતા મહિલાને હિંમત આપી અને તેમજ પતિનું કાઉન્સેલિંગ કરીને તેમને કાયદાકીય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ટીમની સમજાવટ બાદ પતિએ પોતાની ભૂલ સ્વીકારી હતી.

તેણે પત્નીને સન્માનપૂર્વક રાખવા અને છૂટાછેડાની ધમકી ન આપવા અંગે લેખિતમાં બાંયધરી આપી હતી.

## વાગરાના નાંદિડા ગામે બેકાબૂ ટ્રક પલટી

ભરૂચઃ વાગરાના નાંદિડા ગામ નજીક તા.23એ રાત્રે સર્જાયેલા અકસ્માતથી દોડધામ મચી હતી, જેમાં બેકાબૂ બનેલી એક ટ્રક રોડ પરથી નીચે ઊતરી પલટી મારી ગઈ હતી. આ બનાવમાં સદનસીબે જાનહાનિ ટળી હતી.

# બળતણ નાંખવા બાબતે ઠપકો આપતાં બાળકે ઘર છોડ્યું

**સમનીથી** ગુમ થયેલો બાળક ઈખરથી મળ્યો

ભરૂચઃ આમોદના સમની ગામમાં મજૂરીકામ કરતા મૂળ મહારાષ્ટ્રના પરપ્રાંતીય શ્રમિકનો 13 વર્ષીય પુત્ર અચાનક ઘરેથી નીકળી જતાં તેની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. ઘરમાં ચૂલામાં બળતર નાંખવા બાબતે બાળકને ઠપકો આપતાં તેને મનમાં લાગી જતાં કોઈને કહ્યા વિના ઘર છોડીને ચાલ્યો ગયો હતો. બાળક લાંબા સમય સુધી ઘરે પરત ન ફરતાં પરિવારજનો ચિંતિત બન્યા હતા અને આસપાસના વિસ્તારોમાં શોધખોળ હાથ ધરી હતી. અંતે બાળક ગુમ થવા અંગે તા.20 માર્ચ, 2026ના રોજ આમોદ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ફરિયાદ મળતાં જ આમોદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી આસપાસનાં ગામો તેમજ સંભાવિત સ્થળોએ તપાસ ચલાવી હતી. દરમિયાન ઈખર ગામ નજીક નાળાની આસપાસ એક બાળક એકલો બેઠેલો હોવાની માહિતી સ્થાનિક લોકોએ પોલીસને આપી હતી. જાણ મળતાં જ પોલીસ ટીમ તરત જ સ્થળ પર પહોંચી બાળકને સલામત રીતે પોતાના કબજામાં લઈ આમોદ પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા બાળકના પિતાને સંપર્ક કરી સુરક્ષિત રીતે પરિવારને સુપરત કરવામાં આવ્યો હતો.

# તાપી આઉટ સોર્સિંગ કર્મીઓનું આવેદન

વ્યારાઃ તાપી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતા આઉટસોર્સિંગ કર્મચારીઓને નવેમ્બર-2023થી આજદિન સુધી લીવ ઓન કેશનાં નાણાં ચૂકવવામાં ન આવતાં ગુજરાત જનતા જાગૃતિ મંચ તાપી DDOને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. આ બાબતે ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને અગાઉ રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી કરાઈ નથી. જેથી કર્મચારીઓ દર મહિને બે હજાર રૂપિયાથી વંચિત છે. નાણાં ચૂકવવામાં નહીં આવે તો ઉચ્ચ લેવલે ફરિયાદ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.